# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ફોડીને પ્લેયરને ફુંદ્રાઓ કરોડો કમાય છે
ખેલદિલોની ખૂટલાઇથી આશ્ચર્ય પમાય છે,
ડગે વિશ્વાસ, ભમે ભરોસો આ રમત પરથી -
ક્રિકેટની રમતમાં પણ રમત રમાય છે.

અમરેલીનાં
બાળ ઘંટી ચાટે ને
કાશ્મીરી આટો
(સહાય પેકેજમાં ચપટી)

હત્યા ને હવે
ઓઢાળાય કફન
આત્મહત્યાનું..
(સંસારિક ક્રૂરતા)

## ચિંતન

કૌશેય કૃમિજં સુવર્ણ મુપલાદ્દિન્દીવરં ગોમયાત્ । પંકાત્તામરસં શ શાંક ઉદધેર્ગોપિત્તતો રોચના ।
કાષ્ઠા દગ્નિ રહેઃ ફણાદપિ મણિર્દૂર્વાપિ ગોરોમતઃ પ્રકાશ્યં સ્વગુણોદ્યેન ગુણિનો યાસ્યન્તિ કિં જન્મના ॥

'રેશમી વસ્ત્ર કીડાથી થાય છે, સોનું પથ્થરની ખાણમાંથી મળે છે, નીલકમલ ગાયનાં છાણમાંથી પેદા થાય છે અને રાતુ કમળ કાદવમાંથી જન્મે છે, ચંદ્ર સમુદ્રમાંથી અને ગોરોચન ગાયના પિત્તમાંથી મળે છે. અગ્નિ-કાષ્ટ લાકડામાંથી અને મણિ સર્પની ફેણમાંથી મળે છે, દુર્વા ગાયનાં રૂંવાટાંમાંથી મળે છે, આમ ગુણવાન લોકો પોતાના સદગુણથી પ્રકાશમાં આવે છે. જાતે જ પ્રખ્યાત થાય છે. એમાં સારાં કે નરસા કુળમાં જન્મ થવાનું કોઇ જ મહત્ત્વ નથી. કુળની બાબત મુખ્ય નથી.'

માણસ પોતાની બુદ્ધિ-કૌશલ્ય-ચાતુરી પ્રયત્નથી જ આગળ વધી શકે છે અને પ્રખ્યાતિ પામી શકે છે. સાહસ અને મહેનતથી ઉત્સાહપૂર્વક કરેલી પ્રવૃત્તિથી વિજય પ્રાપ્ત થાય છે. આમાં કોઇ ઉંચા કુળમાં જન્મ મળે તો જ ખ્યાતિ મળે એવું નથી. અહીં પ્રાકૃતિક સંદર્ભ આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- સહજ થયા છે છૂટે, અંકોડા ભીડ્યા હોય એ તો ડૂબાડે અને ડૂબે - આદિલ મન્સુરી
- માત્ર માણસ જાતની વસ્તી વધે નહીં... હિંદુ મુસ્લિમ શીખ ઇસાઇ વધે છે- ભરત વિંગુડા
- અન્જાન બના રહેતા હૈ સબ કુછ જાનને કે બાદ ભી... ધોખા દેના ઔર ધોખા ખાના આદત હૈ હર એક ઇન્સાન કી - ઇમરાન
- મોતનો આઘાત તો જીરવી જવાશે એક દિન, જીંદગીના ઘાવ જે ઝીલે તે શક્તિમાન - જનકલ્યાણ
- હૃદયની કઠોરતા સાથે શ્રીમંત, વિદ્વાન કે પ્રધાન બની શકાય છે... પરંતુ સજ્જન, સંત કે પરમાત્મા બનવાનું સદ્‌ભાગ્ય તો કોમળ હૃદયને જ મળે છે - એસ. ભટ્ટાચાર્ય
- જે પણ કામ કરવું તે (૧) વિચારીને કરવું (૨) તરત કરવું (૩) સરસ રીતે કરવું (૪) જાતે કરવું... (૫) પૂરું કરવું.. - આચાર્ય ચંદ્રશેખર
- જીંદગી એ કાર્ડીયોગ્રામ જેવી છે જે ક્યારેય સીધી લીટીમાં ચાલતી નથી - કાન્તિ ભટ્ટ

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

આજકાલ શોભાયાત્રા, રથયાત્રા, વરઘોડા, દિક્ષા મહોત્સવ, પદયરામણી, પોથીયાત્રા, જુલુસ વગેરે પાછળ અઢળક ધન ખર્ચી, ધર્મને નામે દંભ-દેખાડો બહુ થાય છે. આમાં 'ધર્મ' નહીં અધર્મ જ છે.

બંગાળના વિખ્યાત સંસ્કૃત પંડિત શ્રી મુખોપાધ્યાયને - સંસ્કૃતિ વિદ્યાલયના આચાર્યશ્રી પંડિતજીને શિક્ષાર્થીઓને સંસ્કૃતમાં વ્યાખ્યાન આપવા નિમંત્રણ માટે મળવા ગયા. સ્વીકૃતિ પછી આડીઅવળી વાતમાં આચાર્યશ્રીને પૂછ્યું. આપ સાધન સંપન્ન સંસ્કૃતના વિદ્વાન છો છતાં 'દૂર્ગા પૂજા' કેમ મનાવતા નથી?!

મુખોપાધ્યાયજીએ આડી વાત નાખી જવાબ ન દીધો.

સપ્તાહ પછી પંડિતજી સંસ્કૃત વિદ્યાલયમાં વ્યાખ્યાન આપવા ગયા ત્યારે - પુરસ્કાર લેવાને બદલે જાતે એક લાખ રૂપિયાનો ચેક આચાર્યશ્રીને આપતાં મર્મમાં કહી દીધું. આચાર્યશ્રી તમારા જેવી સંસ્કૃતની સંસ્થાઓ - સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર કરે એટલા માટે જ મારો આ ફૂલપાંખડી જેવો ફાળો છે. મારી સાચી 'દૂર્ગા પૂજા' પણ આ જ છે. મહોત્સવના ખોટા ખર્ચ કરવા કરતાં સંસ્કૃત-દુર્ગાની જ હું પૂજામાં માનું છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# નીતિ આયોગમાં ભાજપ એકલું અટૂલું

## તંત્રી સ્થાનેથી....

નરેન્દ્ર મોદી ફળદ્રુપ ભેજું ધરાવતાં મહત્ત્વાકાંક્ષી નેતા છે. તેથી તેઓ જૂની, ચીલાચાલુ પરિપાટી પર ચાલતા નથી માગતા. એ નવો માર્ગ કંડારવા કૃતસંકલ્પ હોવાની સતત પ્રતીતિ કરાવતા રહે છે. આયોજનપંચને નખશિખ બદલી નાખીને રાજય સરકારોને વિશેષ અધિકાર મળે, મુખ્યમંત્રીઓનો અવાજ બુલંદ બને - એવી થિયરી બધાં જ રાજયોને ગમે. એથી આયોજનપંચનું જૂનું પુરાણું પાટિયું ઉખાડી 'નીતિ આયોગ' નું પાટિયું લગાડી દીધું ત્યારે વડાપ્રધાન સામે ભાગ્યે જ કોઇ વિરોધી સ્વર સાંભળવા મળ્યો હતો. પરંતુ એ જ નીતિ આયોગની બેઠકમાં જમીન સંપાદન બિલ જેવા મોદીપ્રેરિત બિલ પર સહમતી સાધવાનું કામ કેટલું કપરું છે, તેનો ખ્યાલ વડાપ્રધાન અને નાણાંમંત્રીને તાજેતરમાં મળેલી બેઠક વખતે આવી ગયો હશે. જમીન સંપાદન બિલની તરફેણમાં ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ તો બોલે જ. પરંતુ ભાજપના સહયોગી પક્ષોએ એનો વિરોધ કર્યો તે ઘણી અગત્યની અને નોંધપાત્ર બાબત છે. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહંમદ સઈદે વડાપ્રધાનને આ સંદર્ભે તમામ રાજકીય પક્ષોને સાથે રાખવાની અને રાજયોને પોતપોતાની જરૂરિયાત મુજબ નીતિ ઘડવાની સલાહ આપી તો વળી ખેતીપ્રધાન રાજય પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે એમની ખેડૂત વોટબેંક ન જોખમાય એ માટે ખેડૂતો અને જમીન માલિકોની સહમતી વગર કોઈની જમીન ન લઇ લેવાય - એવો સુધારો જરુરી હોવાનું જણાવ્યું. હકીકતમાં પ્રકાશસિંહ બાદલે ૨૦૧૩માં મનમોહનસિંહ સરકાર દ્વારા પસાર કરાયેલ ખરડાની જ તરફેણ કરી કહેવાય. એમણે ભાજપના બિલમાં ખેડૂત, જમીન માલિકને પૂછવાપણું જ નથી રહ્યું, એ મુદ્દાનો વિરોધ કરી ખેડૂતોના સામાજિક પ્રભાવનો સ્વીકાર કરવાની જ રજૂઆત કરી. કોંગ્રેસ શાસિત નવ રાજયો ઉપરાંત પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, તમિળનાડુ અને ઓડિશાના મુખ્યમંત્રીઓએ બેઠકનો બહિષ્કાર કરીને કેન્દ્રના આ બિલ પ્રત્યેના અભિગમ સામે વિરોધ નોંધાવ્યો હતો તો બીજી તરફ બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે મૂળ યુપીએ સરકારના બિલની જ તરફેણ કરી હતી. યુપીએ સરકારના બિલમાં મોદી સરકારે સુધારો કરીને જમીન સંપાદન માટે ખેડૂત કે જમીન માલિકની સહમતીની જરુર નહીં હોવાની સુવિધા ઉમેરી છે તે સરકારી ઉપક્રમો અને જનસુવિધાની યોજનાઓ કરતાં સવિશેષ ખાનગી ઉદ્યોગગૃહો અને કંપનીઓને ફાયદો કરાવવાની દૃષ્ટિએ જ કરાઇ હોવાનો વ્યાપક જનમત છે, તેથી સરકાર એના અંતિમ ઉપાય લેખે બેઉ સંસદગૃહોનું સંયુક્ત સત્ર બોલાવી બિલ પસાર કરાવી શકશે, પરંતુ એ સરવાળે શાસન પક્ષને ભારે પડે એવી સંભાવના છે. મમતા બેનરજીએ તો કહ્યું છે કે તેઓ એક ટકો જમીન પણ બળજબરીપૂર્વક સંપાદન નહીં કરાવા દે. કેન્દ્રીય 'નીતિ'ને કારણે અટવાઇ પડેલા અનેક પ્રોજેક્ટ માત્ર ખેડૂતો સાથે સીધો ડાયલોગ કરીને જ આગળ ધપાવી શકાશે. ટૂંકમાં મોદી સરકાર અને ભાજપ નીતિ આયોગમાં જ સાવ એકલાં અટૂલા પડી ગયા હોય એવી સ્થિતિ સરજાવા પામી છે. મોદીને કદાચ આયોજનપંચનું ઉઠમણું કરવાનું મોંઘું પડી રહ્યું છે. એક તરફ તેઓ કૌશલ વિકાસનું અભિયાન શરુ કરી રોજગારના મુદ્દે ક્રાંતિ કરવા માગે છે અને બીજી તરફ દેશના ખેડૂતો વિરુદ્ધમાં જતાં મોટો જનાધાર ગુમાવવાની સ્થિતિ આવે એવી શક્યતા છે. અરુણ જેટલી રાજય સરકારોના અભિગમને સંઘીય શાસન વ્યવસ્થાની વિરુદ્ધની બાબત ભલે ગણતા હોય પરંતુ એ રાજયોનો બંધારણીય અધિકાર છે જે કેન્દ્રને એકહથ્થું શાસન હસ્તગત કરતાં અટકાવી શકશે.

# પુરૂષોત્તમ અને રમઝાન માસની જુગલબંધીએ મહાત્મા ગાંધીના વિચારમાં કોમી એકતાનો મહાયત્ન

જો હિન્દુઓ જુદી જુદી કોમો વચ્ચે એકતા ઇચ્છતા હોય તો નાની કોમો પર વિશ્વાસ રાખવાની હિંમત તેમણે કેળવ્યે જ છૂટકો છે. બીજા કોઇ પણ પાયા પર કરેલી સમજુતી મોઢામાં કયાંક ને કયાંક ખટાશ રાખવાની જ.

ઉપરનો ગાંધી વિચાર 'ઇન્ડિયા ઓફ માય ડ્રીમ' નામના ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બહાર પડેલા લેખક આર.કે.પ્રભુના પુસ્તકમાં નોંધાયેલી છે. આ પુસ્તકમાં પ્રભુએ યંગ ઇન્ડિયા અને હરિજનમાં છપાયેલા લેખો અને ગાંધીજીના ભાષણો તથા તેમના લખાણોના બીજા સંગ્રહોમાંથી સંગ્રહીત કર્યા છે.

આજે જયારે અત્યારે આપણે પુર્ણ પુરુષોત્તમ ભગવાનના મહિમા ગાન કરતો હિન્દુઓનો પવિત્ર પુરુષોત્તમ માસ અને મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ ઉજવી રહ્યા છીએ ત્યારે ગાંધીના કોમ-કોમ વચ્ચે ધર્મો વચ્ચેની સંવાદિતા કેવી હોવી જોઇએ એના વિચારો વાગોળવા જેવા છે.




ગાંધીજીએ પ્રાંતિક વિસ્તરો જુદી જુદી બોલી અને ભાષાઓ બોલનારી વસ્તીને ધ્યાનમાં લેતા એવું નોંધ્યું હતું કે હિંદી અને ઉર્દુના મિશ્રણથી બનેલી અને નાગરી તેમજ ઉર્દૂ બંને લિપિમાં લખાતી હિન્દુસ્તાની બોલી બોલનારી વસ્તીની સંખ્યા અંગ્રેજી બોલનારી સંખ્યાના કરતાં અનેક ગણી વધારે છે. એક જ ભાષા પણ કોમી ઐક્યની બની રહે એ માટે મહાત્મા ગાંધીએ અથાક પ્રયાસો આજીવન કર્યા હતા. પોતાના સ્વરાજ પ્રાપ્તિના વિચારોમાં સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ ઉપરાંત પ્રકાંડ પંડિત એવા મૌલાના અબુલ કલામ આઝાદ અને ગરમ લોહીના ગણાતા પઠાણ કોમના ખાન અબ્દુલ ગફાર ખાન 'સરહદના ગાંધી' જેવા ગાંધી વિચારના રત્નોને તેઓ સાથે લઇને ચાલ્યા હતા.

અંગ્રેજી સાહિત્યમાં એક સરસ મજાની વાત ૨૦મી સદીના પૂર્વાર્ધમાં કહેવાઇ છે. 'દુનિયાની કોઇ પણ લઘુમતી બંદૂકના નાળચે કે ટેન્કના ટોપચે જીતાતી નથી, બલકે લાગણીથી જ જીતાય છે.' આ વાત તો ગાંધીએ આજથી સો વર્ષ પહેલાં તેઓ જયારે દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત આવ્યા ત્યારથી જ સતત ફરતા હતા અને એ વાત તેમણે સતત સંવાદ દ્વારા પ્રજામાં વહેતી કરી હતી.

ગાંધીજીનો એક સવાલ હંમેશા કરતા રહેતા. સવાલ એવો હતો કે આમ પ્રજાને થોડું જ ધારાસભાઓમાં બેસવું છે કે મ્યુનિસિપલ કાઉન્સિલર થવું છે? અને જો આપણે સત્યાગ્રહના શસ્ત્રનો યથાર્થ ઉપયોગ સમજ્યા હોઇએ તો આપણે જાણીએ કે અન્યાય કરનાર હર કોઇ હાકેમ સામે તે શસ્ત્ર વાપરી શકાય અને વાપરવું જોઇએ - પછી ભલે તે મજકૂર હાકેમ હિન્દુ હોય કે મુસલમાન, અગર તો બીજી ગમે તે જાતિનો કે નામનો હોય આપણે જાતિની ભાવનાનો અંતે ત્યાગ કર્યે જ છૂટકો છે તેથી બહુમતીએ જાતે પહેલ કરીને પોતાના સદ્‌હેતુ વિષે ઓછી સંખ્યાવાળાઓની ખાતરી કરી આપવી જોઇએ.

ધર્મ એ દરેક વ્યક્તિની અંગત બાબત છે. તેને રાજકારણમાં કશું સ્થાન ન હોય. પરદેશી હકૂમતની અકુદરતી દશામાંથી ધર્મ પ્રમાણેના આપણા અસ્વાભાવિક ભેદો નીપજ્યા છે. પરદેશી હકૂમત જવા બેઠી છે, અને ખોટા પોકારો એન આદર્શોને આપણે વળગતા હતા એ વાતની મૂર્ખાઇને આપણે જ હસી કાઢવાના છીએ.

સંગીતનું ઉદાહરણ ટાંકતા ગાંધીજી કહે છે, 'સંગીતમાં આપણે હિન્દુ મુસલમાનોનું સંમેલન જોઇએ છીએ. હિન્દુ ગાનાર બજાવનાર સાથે બેસીને મુસલમાન ગારા બજારવના ગાય છે, બજાવે છે પણ એ શુભ દિવસ કયારે આવશે કે જયારે એ રાષ્ટ્રના બીજા અંગોમાં પણ એવું સંગીત જામશે? ત્યારે આપણે સૌ રામ અને રહેમાનનું નામ સાથે લેતા થઇશું.'

ગાંધીનું લખાણ ટાંકતા લેખક પ્રભુ નોંધે છે ''મને મારા અંતરમાં ઊંડે ઊંડે એવી પ્રતીતિ થાય છે કે... જગત યુદ્ધથી અતિશય ત્રાસી ગયું છે અને તેમાંથી નીકળવાનો માર્ગ શોધી રહ્યું છે, મને લાગે છે કે શાંતિના ભૂખ્યા જગતને માર્ગ બતાવવાનું માન કદાચ હિંદ જેવા પ્રાચીન દેશને ફાળે જશે.''

સંદર્ભ : 'ઇન્ડિયા ઓફ માય ડ્રીમ', લેખક : આર. કે. પ્રભુ, મારા સપનાનું ભારત - ગુજરાતી અનુવાદ - પ્રકાશક - નવજીવન, પ્રકાશન મંદિર અમદાવાદ, (લેખકે ગાંધીજીના 'યંગ ઇન્ડિયા અને 'હરિજન' લેખો, ગાંધીજીના અન્યત્ર પ્રસિદ્ધ થયેલા લેખો તથા ભાષણોમાંથી આ પુસ્તક તૈયાર થયું છે.')

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# 'મા'ની સેવાનું મૂલ્ય આંકનારા દીકરા મમતાના સોદાગરો કહેવાય

'લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે' ભલે દુનિયામાં અનીતિ સ્વાર્થ, પ્રપંચ અને દગાખોરીનું સામ્રાજય વિસ્તરતું જતું હોય પણ કયાંક આશાના દીપ ટમટમે છે. જેનાથી દુનિયામાં જીવવા જેવું લાગે છે. લોકો જાણે કેળવ ધનની પાછળ દોટ લગાવી રહ્યા હોય એમ લાગે છે. કરોડોની સંપત્તિમાં આળોટતા પરિવારોમાંય મિલકતની વહેંચણીમાં થોડી રકમની વધઘટ થાય તો ભાઇ ભાઇની સામે કે દીકરો બાપની સામે કોર્ટે જતા અચકાતો નથી. કયાંક મિલકતો માટે લોહીના સંબંધો પણ લોહીલુહાણ થઇ જતા હોય છે, કયાંક કરોડપતિ દીકરાને વૃદ્ધ મા-બાપની સેવા કરવા ટાઇમ નથી હોતો અને નોકર રાખી જનેતાની સેવા પારકા જણ્યા પાસે કરાવાય છે તો કયાંક એવા દીકરા પણ જોવા મળે છે કે લકવાગ્રસ્ત પિતાની સેવા કરવા માટે બેન્ક ઓફિસરનો હોદ્દો છોડી સતત તેમની કાળજી રાખે છે. એક ગ્રેજયુએટ યુવાન પોતાની કેન્સરગ્રસ્ત માતાને નવડાવવા - કપડા પહેરાવવા, તેનું માથું ઓળી આપવાનું કામ સુદ્ધા કરતો અને કેન્સરના છેલ્લા સ્ટેજે તેણે ભણવામાં પણ બ્રેકઅપ લઇ સતત માની સેવા કરતો આવા દીકરાઓ જવલ્લે જોવા મળતા હોય પણ છતાં આવા શ્રવણો થકી સમાજ જીવંત લાગે છે. સ્વાર્થ ભરેલી આ દુનિયામાં આશાની જયોત પ્રગટાવી દીવાદાંડી રુપ બનતા આવા એક પરિવારના દીકરાની વાત કરવી છે. જેણે સગી 'મા' ની સેવાના બદલામાં પરિવારે રૂા. ૧૦ કરોડની રકમ મિલકતના ભાગમાંથી વધારે આપવાની વાત કરી ત્યારે તેણે આ રકમ ઠુકરાવી દીધી અને ખુદ્દારીથી કહ્યું, 'મા'ની મમતાના કદી મૂલ્ય ન હોઇ શકે, માની મમતાનું મૂલ્ય આંકનારા મમતાના સોદાગરો કહેવાય, હું એવો સોદાગર નથી. મેં સેવા કોઇ બદલાની ભાવનાથી નથી કરી. એના સાનિધ્યમાં મને મળેલ હુંફ અમૂલ્ય હતી. કોઇવાર વ્યવસાયમાંથી મોડો ઘરે આવું તો તે રઘવાઇ બની જતી અને મને ઠપકો આપતી બેટા, વહેલા ઘરે આવી જતો હોય તો? મને કેટલી ચિંતા થતી હતી? અને બસ, દિવસભરનો થાક ઊતરી જતો, આ મમતાનું મૂલ્ય હું કેવી રીતે આંકી શકું?

આજે જયાં સંપત્તિ છે ત્યાં આપત્તિ દોડતી આવે છે, કારણ કે સુખની વહેંચણીમાં મન ટૂંકા થઇ જાય છે. હું પરિવાર માટે ઘસાયો, આખા પરિવારનો બોજ લઇને ફર્યો અને મારી કદર નહિ. સંપત્તિમાં બધાનો એક સરખો ભાગ? આ વળી કયાંનો ન્યાય? જયારે ગરીબાઇ ભોગવતા પરિવારોમાં કયાંક અજંપો જોવા મળતો નથી કારણ કે અહિં તો દુઃખની વહેંચણી કરવાની હોય છે. ગરીબાઇની ભાગબટાઇમાં આપત્તિ શું? દુઃખ વધારે આવે છે કે ઓછું... શો ફેર પડે છે?

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

વાત છે અમદાવાદના એક શ્રીમંત પરિવારની. ત્રણ ભાઇઓનો પરિવાર છે. કરોડોની સંપત્તિના માલિક છે. દરેક ભાઓ પોતાના પરિર સાથે અલગ રહે છે પણ સંપત્તિ માટે કયારેક ઝઘડયા નથી. કોણે વધુ ભોગવ્યું કે કોણે ઓછું તેની કદી કોઇ ચર્ચા નહી. પિતાશ્રીનું અવસાન થતાં વૃદ્ધ માતા એકલા પડ્યા. બધા દીકરાઓમાં માતાને પોતાને ત્યાં રાખવા જાણે સ્પર્ધા જાગી.પણ અંતે બાનું મન જાણવા બાને પુછ્યું, બા, તમારી ઇચ્છા હોય ત્યાં તમે રહી શકો છો. બાને નાના દીકરા પ્રત્યે વધારે લાગણી હતી. તેમણે નાનકા સાથે રહેવાનું નક્કી કર્યું. નાનકાએ પત્નીને સમજાવી દીધું. બાને કોઇ જાતે ઓછું ન આવવું જોઇએ કે તેમની સેવામાં કોઇ કમી ના રહેવી જોઇએ. નાનો દીકરો અને પુત્રવધુ બંનેએ બાની ખુબ સેવા કરી. બાને પણ કયારેક ફરિયાદ કરવાનો મોકો ન મળ્યો. બાને થયું કે મારી પાસેના જે કંઇ દર-દાગીના છે તે મારી નાની વહુને આપી દઉં, કારણ કે તેણે મારી બહુ સેવા કરી છે, સગી દીકરીની જેમ. એક દિવસ બાએ દીકરાને કહ્યું બેટા, હું જયારે ન હોઉં ત્યારે મારા બધા દાગીના તારા... તે સમયે બાનું મન રાખવા દીકરો કંઇ ન બોલ્યો... સમય વિત્યો... બા ૭૫ વર્ષ વટાવી ચુકયા હતા અને એક દિવસ બા જમી પરવારી પલંગમાં સુતા અને એમની આંખ મીંચાઇ, બસ એ આંખ મીચાઇ એ મીચાઇ પછી તેમણે કયારેય આંખ ખોલી નહીં. બાનો દેહ વિલય થયો... પરિવાર ભેગો થયો. બાની અંતિમયાત્રા વખતે નાનો દીકરો અને પુત્રવધુએ ખુબ કલ્પાંત કર્યું કારણ કે બા હતા તો ઘરમાં હૂંફ હતી. તેમની છત્રછાયામાં ઘર ભર્યું ભર્યું લાગતું. સામે જ રડવું હોય તો પિતાનો ખભો મળે પણ માતાનો તો ખોળો જ. એ ભલે વૃદ્ધ હતી આંખે ઓછું ભાળતી પણ દીકરાને વહેલું મોડું થાય તો એની આંખો બહાર જ મંડાયેલી રહે. નાનકો હજુ ના આવ્યો... આપણી સામાજિક રચના એવી છે કે દીકરાના નામ પાછળ બાપનું નામ આવે. આમાં પણ માતાનો ત્યાગ જ છુપાયેલો છે. વિનોબા ભાવે કહેતા કે જગતમાં બધું જ પસંદ કરી શકાય પણ માતા પસંદ કરી શકાતી નથી. તેને મા કહો, મધર કહો, મોમ કહો કે મમ્મી, ગમે તે નામથી ઉચ્ચારો તમારું મોં ખુલી જ જાય. હિટલર પણ માતાના મૃત્યુ સમયે પોક મુકીને રડેલો. માની મમતાનું કોઇ મૂલ્ય ન અંકાય તેવું માનનાર નાનકાની બાનો સ્વર્ગવાસ થયો અને સવા મહિના પછી આખો પરિવાર ભેગો થયો. બે ભાઇઓએ એકી અવાજે કહ્યું નાનકા, તેં બાની ખુબ સેવા કરી છે એ સેવાના બદલામાં મિલકતના ભાગમાંથી તને દસ કરોડ રૂપિયા વધુ મળશે. ત્યારે નાનકાએ લાગણી ભર્યા સ્વર્માં કહ્યું, ભાઇઓ, માની સેવાનાં કાંઇ મૂલ્ય અંકાતા હશે? એણે મને જે પ્રેમ અને લાગણી આપ્યા છે એનું મૂલ્ય મારે તમને બધાને ચુકવવાનું છે. પણ હું એટલો ધનવાન નથી કે એની મમતાનું મૂલ્ય ચૂકવી શકું.... આ દસ કરોડ મારે ન જોઇએ. પણ બાએ જીવતે જીવ એની સેવાના બદલામાં દાગીના આપેલા તે દાગીના પણ બધાની વચ્ચે મુકું છું. બાના આશીર્વાદ સમજી તેની યાદમાં જેને જે દાગીના જોઇતા હોય તે લઇ લે, વધે તે દાગીનો મારો... અને આમ કહેતાં તેને ગળે ડુમો ભરાયો...

નાનકાએ દસ કરોડ લેવાનો ઇન્કાર કર્યો અને દાગીના પણ સૌને વહેંચી આપ્યા આ જ માને સાચી શ્રદ્ધાંજલિ ન કહેવાય? બે પાંચ લાખ માટે અહિં તો કોઇના જીવ લેવાતા હોય ત્યાં આટલી માતબર રકમ સ્વેચ્છાએ જતી કરે એવા દીકરા એ આજના જમાનાનું અચરજ ન કહેવાય?

# કયા અંગ્રેજ અમલદારને કલકત્તાના સ્થાપક માનવામાં આવે છે?

## ભારતીય બંધારણ

(૧) બ્રિટીશ સેનામાં ભારતીય સૈનિકોનો પહેલો સૈનિક વિદ્રોહ કયાં થયો હતો?
(અ) પટણા (બ) બેરકપુર
(ક) મેરઠ (ડ) વેલ્લોર

(૨) ૧૯૧૫માં સત્યાગ્રહ સભાની સ્થાપના કોણે કરી હતી?
(અ) મહાત્મા ગાંધીએ (બ) વિનોભા ભાવેએ
(ક) જયોતિબા ફૂલેએ (ડ) રાજારામ મોહનરાયે

(૩) સાંચીનો સ્તૂપ કયા રાજાએ બંધાવ્યો હતો?
(અ) હર્ષવર્ધને (બ) અજાતશત્રુએ
(ક) ચંદ્રગુપ્ત મોર્યે (ડ) સમ્રાટ અશોખે

(૪) કંપનીની કામગીરીને નિયંત્રિત કરવા બ્રિટીશ સંસદે રેગ્યુલેટીંગ એક્ટ કયારે પસાર કર્યો?
(અ) ૧૯૭૩માં (બ) ૧૭૭૩માં
(ક) ૧૮૭૩માં (ડ) ૧૯૭૩માં

(૫) સાયમન કમિશન વિરુદ્ધ દેખાવો કરતાં પોલીસ લાઠીચાર્જના પરિણામે કયા નેતાનું મૃત્યુ થયું હતું?
(અ) લાલા લજપતરાય (બ) ગોપાલકૃષ્ણ ગોખલે
(ક) બાળ ગંગાધર તિલક (ડ) લાલા હરદયાલ

(૬) ઓકટોબર ૧૯૪૩માં સુભાષચંદ્ર બોઝે અસ્થાયી ભારત સરકારની સ્થાપના કયાં કરી હતી?
(અ) ટોકીયો (બ) સિંગાપુર
(ક) રંગુન (ડ) પોર્ટબ્લેર

(૭) નાગપુર ઝંડા સત્યાગ્રહનું નેતૃત્વ કોણે સંભાળ્યું હતું?
(અ) વલ્લભભાઇ પટેલ (બ) મહાદેવભાઇ દેસાઇ
(ક) વિનોબાભાવે (ડ) ગાંધીજી

(૮) મોગલ સામ્રાજયનું પ્રાંતોમાં વિભાજન સૌ પ્રથમ કોણે કરાવ્યું?
(અ) બાબર (બ) હુમાયુ
(ક) જહાંગીર (ડ) અકબર

(૯) કયા મોગલ બાદશાહની સેનામાં સર્વાધિક હિન્દુ સેનાપતિ હતા?
(અ) હુમાયુ (બ) અકબર
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

(૧૦) કયા અંગ્રેજ અમલદારને કલકત્તાના સ્થાપક માનવામાં આવે છે?
(અ) રોબર્ટ કલાઇવ (બ) વિલિયમ હિથ
(ક) જોબ કોર્નાક (ડ) જોસીયા ચાઇલ્ડ

(૧૧) કયા મુસ્લિમ વિજેતાએ હિન્દુ દેવીની આકૃતિવાળા સિક્કાઓ બહાર પાડ્યા હતા?
(અ) કુતુબુદ્દીન ઐબક (બ) બાબર
(ક) મોહમદ ઘોરી (ડ) મહંમદ ગઝનવી

(૧૨) બ્રહ્મની સલતનની સ્થાપના કોણે કરી હતી?
(અ) અલ્લાઉદ્દીન હસન (બ) ફિરોઝ શાહ
(ક) મુહમદ શાહ (ડ) નિઝામ શાહ

(૧૩) ઇ.સ. ૧૯૪૦માં મુસ્લિમ લીગના અધિવેશનમાં પાકિસ્તાનના સર્જનનો પ્રસ્તાવ કોણે રજૂ કર્યો હતો?
(અ) એમ.એ. ઝીણા (બ) મહમદ ઇકબાલ
(ક) રહમત અલી (ડ) ખુલીકુ જજમાન

(૧૪) દિલ્હીનો અંતિમ હિન્દુ શાસક કોણ હતો?
(અ) પૃથ્વીરાજ ચૌહાણ (બ) પૃથ્વી ભટ્ટ
(ક) વિગ્રહરાજ (ડ) હેમચંદ્ર વિક્રમાદિત્ય (હેમુ શાહ)

(૧૫) ગુમાલગીરીના લેખક કોણ હતા?
(અ) બી.આર. આંબેડકર (બ) જયોતિબા ફૂલે
(ક) પેરિયાર (ડ) જયપ્રકાશ

## વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૭ જુલાઇ ૧૮૯૪ જોર્જ હેનરી જોસેફ - બેલ્જિયમના ખગોળશાસ્ત્રી હતા. જેમણે કોસ્મિક કિરણો પર સંશોધન કર્યું
- ૧૭ જુલાઇ ૧૮૫૩ એલેક્ષીયસ મેઇનોંગ : ઓસ્ટ્રે. ફિલોસોફર અને સાયકોલોજીસ્ટ - માનવશરીર અને વર્તણૂક પર અભ્યાસ કરનાર
- ૧૮ જુલાઇ ૧૯૨૨ થોમસ એસ. કુન્હ - અમેરીકન સાયન્સ ફિલોસોફર 'સ્ટ્રકચર ઓફ સાયન્સ રીવોલ્યુશન' પર કામ કરનાર
- ૧૮ જુલાઇ ૧૮૬૯ ચાર્લ્સ પલાચે - અમેરીકન માઇનરોજીસ્ટ - માઇનોરોજીકલ સાયન્સની અલગ ઓળખ આપનાર
- ૧૯ જુલાઇ ૧૮૬૫ ચાર્લ્સ મેયો : અમેરીકન સર્જન : અમેરીકા ખાતે 'માયો ક્લિનીક' અને માયો ફાઉન્ડેશનના સ્થાપક
- ૧૯ જુલાઇ ૧૮૬૩ કર્ટીશ માર્બટ - અમેરીકન જીઓલોજીસ્ટ તથા મોર્ડન સાઇલ સાયન્સના ફાઉન્ડર. જમીનના પૃથ્થકરણની પદ્ધતિ વિકસાવનાર
- ૨૦ જુલાઇ ૧૮૯૭ ટેડીયસ રીસ્ટેઇન - સ્વીસ કેમીસ્ટ, ૧૯૫૦માં એડ્રીનલ ગ્રંથી વિષયક સંશોધન માટે નોબેલ પ્રાઇઝ મળ્યું.
- ૨૦ જુલાઇ ૧૮૯૪ એરટ્ટ લેબાન કોર્ડ - અમેરીકન ઓટોમોબાઇલ મેન્યુફેકચરર તથા સંશોધક
- ૨૧ જુલાઇ ૧૮૮૦ મિલન સ્ટેફનીક - હંગેરીયન ખગોળશાસ્ત્રી - ખગોળશાસ્ત્રમાં વિશેષ સંશોધન કરનાર
- ૨૧ જુલાઇ ૧૮૭૩ હોવાર્ડ ટર્નર બર્ન - અમેરીકન કેનેડીયન ભૌતિકશાસ્ત્રી, આઇસ ફોર્મેશન પર સંશોધન કરનાર
- ૨૨ જુલાઇ ૧૯૧૪ એડવર્ડ ફાર્બર - અમેરીકન સંશોધક, બેટરી ઓપરેટડ સ્ટ્રોબોસ્કોપીક કેમેરા ફલેશ બનાવનાર
- ૨૨ જુલાઇ ૧૮૯૮ એલેકઝેન્ડર કાર્લ્ડર - તેઓ અમેરીકન મુર્તિકાર અને ચિત્રકાર હતા. વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કલામાં કરનાર
- ૨૩ જુલાઇ ૧૯૦૬ વેલ્ડમીર પ્રલોગ : યુગોસ્લાવિયાના વતની પણ સ્વીઝ. કેમેસ્ટ્રીના વૈજ્ઞાનિક, ૧૯૭૫માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૩ જુલાઇ ૧૮૮૬ વોલ્ટર સ્કોટી